**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૨/૦૧/૨૦૧૮ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૦૮/૧૮**

શાહીબાગ પોલીસ સ્ટેશન :

શાહીબાગ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૦૧/૨૦૧૮ ધી ઈ.પી.કો.કલમ ૩૦૭,૩૨૩,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાના ફરીયાદી શ્રીમતી ઉર્મિલાબેન તે રમેશભાઈ રેવાભાઈ સોલકીની વિધવા પત્ની ઉ.વ.૪૫,રહે-મ.નં.૩૩૭/૧૩ પ્રિતમપુરા સોસાયટી વિભાગ-૦૨ ગિરધરનગર,શાહીબાગ,અમદાવાદ શહેર,મુળ વતન ગામ-મણોદ તા.જી.પાટણ નાઓની ફરીયાદના કામે તા.૦૧/૦૧/૨૦૧૮ ના કલાક:૦૧/૩૦ વાગ્યાના સુમારે આરોપી (૧) જીતેન્દ્ર ઉર્ફે જીતુ નટવરભાઈ પરમાર (૨) ભાવેશ ઉર્ફે ખીચડી કિશોરભાઈ પરમાર બન્ને રહે-ગજાનંદ સોસાયટી.ગિરધરનગર.શાહીબાગ,અમદાવાદ નાઓએ ગિરધરનગર વીમા યોજના ડી/૦૬ ની સામે આવેલ ભંગાર ની દુકાનની સામે જાહેર રોડ ઉપર ઉપરોકત આરોપીઓ ગમે તેમ બિભત્સ ગાળો બોલતા હોય આ ગુના કામના સાહેદ ઈજા પામનાર પ્રશાંત ઉર્ફે લાલો S/O રમેશભાઈ સોલકી ઉ.વ.૨૩ રહે-પ્રિતમપુરા સોસાયટી વિભાગ-૦૨ ગિરધરનગર શાહીબાગ,અમદાવાદ,નાએ ગાળો બોલવાની ના પાડતાં ઉપરોકત આરોપીઓએ ફરીયાદી બેનના દિકરા સાથે ઝઘડો કરી માથાના ભાગે જીવલેણ ઈજાઓ કરી ભાગી ગયેલ વિગેરે મતલબે ઉપરોકત નંબરથી ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ હતી.

આ ગુનાની તપાસ મે અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૦૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૦૪ અમદાવાદ શહેર તથા અધિક નાયબ પોલીસ કમિશનર શ્રી એક ડીવિઝન અમદાવાદ શહેર તથા સીનિયર પોલીસ ઈન્સ્પેકટર શ્રી એ.કે.પટેલ. નાઓના સીધા માર્ગદર્શન હેઠળ ઉપરોકત આરોપીઓની અમો તપાસમાં હતા દરમ્યાન સર્વેલન્સ સ્કોડ ના લોકરક્ષક,પો.કો,બાદલભાઈ પંચાણભાઈ નાઓને ખાનગી બાતમી હકીકત મળેલ કે આ ગુનાનો આરોપી ભાવેશ ઉર્ફે ખીચડી કિશોરભાઈ પરમાર ઉ.વ.૨૩ રહે-મકાન નં-૪૬૩/૨૩ ગજાનંદ સોસાયટી ગિરધરનગર શાહીબાગ અમદાવાદ શહેર નાનો બી/કોલોની શાહીબાગ ખાતે હોવાની હકીકત આધારે વોચ કરતાં સદરી આરોપી બી/કોલોની દરવાજા આગળ થી પસાર થતો હતો ત્યારે અમોએ તથા સ્ટાફના માણસોએ પકડી લીધેલ અને પો.સ્ટે.લાવી સદરીને કલાક:૧૭/૦૦ વાગ્યે અટક કરવામાં આવેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

સાબરમતી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી સાબરમતી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ







નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.